# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
અંક-૪૩, ડિસેમ્બર ૨૦૧૭ - જાન્યુઆરી ૨૦૧૮




## ઉત્તર ગુજરાત વીજ કંપનીએ મેળવ્યો

# IPPAI એવોર્ડ - ૨૦૧૭



સાબરમતી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



મહેસાણા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



'બંધારણ દિવસ'ની ઉલ્લાસભેર ઉજવણી

# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૪૩,**
**ડિસેમ્બર ૨૦૧૭ – જાન્યુઆરી ૨૦૧૮**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચઆર)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.com
cccell@ugvcl.com


## આ અંકમાં


**એવોર્ડ**

» ઉત્તર ગુજરાત વીજ કંપનીએ મેળવ્યો IPPAI એવોર્ડ - ૨૦૧૭............... ૦૪

» સીપીએફ ટ્રસ્ટને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ............ ૦૫

**ઉજવણી**

» સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી..................... ૦૬

» યુજીવીસીએલ દ્વારા પ્રજાસત્તાક દિનની આનંદભેર ઉજવણી........................... ૦૭

» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી મેવાડા તથા અન્ય કર્મીઓ માટે યોજાયો વિદાય સમારંભ...... ૦૮

» યુજીવીસીએલ દ્વારા 'બંધારણ દિવસ'ની ઉલ્લાસભેર ઉજવણી............................ ૦૯





**સ્નેહમિલન**

» નૂતન વર્ષના પ્રારંભે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન............................ ૧૦

**ક્રિકેટ**

» મહેસાણા વર્તુળ કચેરી દ્વારા ૧૨મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન......... ૧૧

**કબડ્ડી**

» ૭મી ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન.... ૧૪

**ટેનીકોઇટ**

» ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટેનીકોઇટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનાં નીતાબેન સાટોડીયા અને હેતલબેન મિસ્ત્રી પસંદગી પામ્યાં............................... ૧૫

# સંદેશ



**આપણી કંપનીમાં, આપણે જેમના માટે કાર્યરત છીએ એ  વીજળીના વપરાશકારો કેન્દ્રમાં છે. ગ્રાહકો કંપની માટે નથી, પરંતુ કંપની ગ્રાહકો માટે છે. ગ્રાહકોએ આપણને તેમની સેવા કરવાની તક આપી છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

સૌથી પહેલાં તો થોડા સમય પહેલાં વિતી ગયેલા પ્રજાસત્તાક પર્વનાં આપ સૌને અભિનંદન.

૨૬ જાન્યુઆરીનો દિવસ આપણા દેશ માટે બહુ મહત્ત્વનો છે. વર્ષ ૧૯૫૦માં આ દિવસે ભારતનું બંધારણ અમલમાં મૂકાયું એ તો આપ સૌ જાણતા જ હશો. પરંતુ ભારત માટે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી પહેલ માટે આ જ દિવસ શા માટે પસંદ કરવામાં આવ્યો એ પ્રમાણમાં ઓછી જાણીતી વાત છે.

વર્ષ ૧૯૩૦માં, ૨૬ જાન્યુઆરીના જ દિવસે અંગ્રેજોના શાસનમાંથી દેશને પૂર્ણ સ્વરાજ મેળવવા નિર્ધાર કરવામાં આવેલ.

આમ ૨૬મી જાન્યુઆરીનો દિવસ આપણે માટે સ્વતંત્રતાની પ્રાપ્તિ અને ગણતંત્રની સ્થાપના બંને રીતે મહત્ત્વપૂર્ણ દિવસ છે. આપણી કંપનીના કાર્યની દૃષ્ટિએ પણ પ્રજાસત્તાક પર્વ વિશે થોડું વિચારવા જેવું છે.

આપણી કંપની દેશની એક અગ્રગણ્ય વીજવિતરણ કંપની છે, એટલે કે આપણો વીજળીના વપરાશકારો સાથે સીધો સંપર્ક છે. જેમ એક પ્રજાસત્તાક રાષ્ટ્ર લોકો માટે, લોકો કાજે અને લોકો દ્વારા શાસિત હોય છે એ જ રીતે, આપણી કંપનીમાં, આપણે જેમના માટે કાર્યરત છીએ એ વીજળીના વપરાશકારો કેન્દ્રમાં છે. ગ્રાહકો કંપની માટે નથી, પરંતુ કંપની ગ્રાહકો માટે છે. ગ્રાહકોએ આપણને તેમની સેવા કરવાની તક આપી છે. એ ઉપરાંત, આપણે તો વીજવિતરણ જેવા ઉમદા વ્યવસાય સાથે સંકળાયેલા છીએ. વિદ્યાર્થીઓના અભ્યાસ, ખેડૂતોનું પાક ઉત્પાદન, ઉદ્યોગોનો વિકાસ, પારિવારિક ખુશાલી વગેરે બધું જ વીજળી પર આધારિત છે.

મને એ વાતની ખુશાલી છે કે આપ સૌ આપણું આ ઉમદા કાર્ય અત્યંત કાર્યનિષ્ઠાથી નિભાવી રહ્યા છો.

મને પૂરો વિશ્વાસ છે કે આપણે રાષ્ટ્રની એક અગ્રગણ્ય વીજકંપની તરીકે, દેશના નાગરિકોના  ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ રહીશું.

શુભેચ્છાઓ સાથે,

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ઉત્તર ગુજરાત વીજ કંપનીએ મેળવ્યો IPPAI એવોર્ડ - ૨૦૧૭








તા. ૨૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે આઈપીપીએઆઈ (IPPAI) એવોર્ડ - બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીબ્યુશન કંપનીની કેટેગરીમાં મેળવ્યો.

શ્રી વી. સુબ્રમણ્યમ, માનનીય ભૂતપૂર્વ સચિવ, નૂતન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય, ભારત સરકારના વરદ હસ્તે આ એવોર્ડ કંપનીને એનાયત કરવામાં આવ્યો હતો. કંપની વતી મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

ઇન્ડીપેન્ડેન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IPPAI) દ્વારા આયોજિત ૧૮મી રેગ્યુલેટર્સ એન્ડ પોલિસી મેકર્સ રીટ્રિટ ૨૦૧૭માં આ એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ.

બેલગુંડી ગામ, તા. બેલગામ, કર્ણાટક ખાતે યોજાયેલ આ ભવ્ય સમારંભમાં નીચે મુજબના મુખ્ય અતિથિશ્રીઓ સામેલ હતા.

- શ્રી લોકેશ ગર્ગ, ડિરેક્ટર, નેશનલ ક્રિટિકલ ઇન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર
- જસ્ટિસ (નિવૃત્ત) બી. જી. કોલ્સે પાટિલ, ભૂતપૂર્વ ન્યાયાધિશ, હાઈકોર્ટ
- મૌલાના એમ. મદાની, જનરલ સેક્રેટરી, જમિયતે ઉલમા-એ-હિન્દ; ભૂતપૂર્વ સાંસદ, રાજ્ય સભા
- શ્રી શક્તિ સિંહા, ડિરેક્ટર, ઇન્ડિયા ફાઉન્ડેશન
- શ્રી અજય શંકર, ભૂતપૂર્વ સેક્રેટરી, ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
- શ્રી પ્રેમ શંકર ઝા, વરિષ્ઠ પત્રકાર અને લેખક
- શ્રી સંજીવ અરોરા, પ્રમુખ, આઇએસએસીએ (નવી દિલ્હી)
- શ્રી સ્કોટ હેમ્પલિંગ, એટર્ની એટ લૉ એલએલસી (યુએસએ)
- પ્રોફેસર ડેવિડ ન્યુબેરી, ડિરેક્ટર, એનર્જી પોલિસી રિસર્ચ ગ્રૂપ, યુનિ. ઓફ કેમ્બ્રિજ, લંડન
- પ્રોફેસર સેબેસ્ટિયન મોરિસ, પ્રોફેસર, આઇઆઇએમ - અમદાવાદ
- શ્રી કિંગશૂક નાગ, લેખક અને એડિટર-ઇન-ચીફ, ખબર સ્ટ્રીટ
- શ્રી રાકેશ નાથ, ભૂતપૂર્વ સભ્ય, એપટેલ
- શ્રી એચ. એલ. બજાજ, ભૂતપૂર્વ સભ્ય, એપટેલ



- શ્રી વી. સુબ્રમણ્યમ, ભૂતપૂર્વ સચિવ, નૂતન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય

આઈપીપીએઆઈની વેબસાઈટ www.ippai.org પ્રમાણે આઈપીપીએઆઈ ઊર્જા ક્ષેત્રે કાર્યરત એક સ્વતંત્ર સંસ્થા તરીકે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઊર્જા ક્ષેત્રના વિકાસ અર્થે દેશમાં કામ કરતી સરકારી તથા પ્રાઈવેટ કંપનીઓને ચર્ચા અને બેસ્ટ પ્રેક્ટિસીસની સમજ આપવા તથા અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ માટે આઈપીપીએઆઈ એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

દેશભરની સરકારી વીજ કંપનીઓ/નિગમો તથા પ્રાઈવેટ ઊર્જા કંપનીઓમાંથી ઉત્કૃષ્ટ કામગીરી કરતી વિવિધ કંપનીઓમાં બેસ્ટ કંપનીને પસંદ કરવા માટે ખ્યાતનામ જ્યુરીના સભ્યશ્રીઓમાં સામેલ છે :


IPPAI
examine engage empower
Power Awards 2017
This is to certify that
Uttar Gujarat Vij Company Ltd.
is adjudged Winner of the award for
Best Performing Distribution Company
at
The 18th Regulators & Policymakers Retreat 2017
28th October, 2017
Harry Dhaul
Director General, IPPAI

- પ્રોફેસર એસ. એલ. રાવ, ભૂતપૂર્વ ચેરમેન, સીઈઆરસી
- ડૉ. પ્રમોદ દેવ, ભૂતપૂર્વ ચેરમેન, સીઈઆરસી



- શ્રી વી. પી. રાજા, ભૂતપૂર્વ ચેરમેન, એમઈઆરસી
- શ્રી આર.એન. પ્રશેર, ભૂતપૂર્વ ચેરમેન, હરિયાણા ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન
- ડૉ. વી. કે. ગર્ગ, ભૂતપૂર્વ ચેરમેન, જેઈઆરસી - ગોવા અને યુટીએસ
- શ્રી વી. સુબ્રમણ્ય, ભૂતપૂર્વ સચિવ, નૂતન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય
- શ્રી અજય શંકર, ભૂતપૂર્વ સચિવ - ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ, વાણિજ્ય મંત્રાલય અને ઉદ્યોગ.
- શ્રી એચ. એલ. બજાજ, ભૂતપૂર્વ સભ્ય, એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રિસિટી
- શ્રી રાકેશ નાથ, ભૂતપૂર્વ સભ્ય, એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રિસિટી
- શ્રી સુનિલ વાધવા, મેનેજિંગ ડિરેક્ટર, જીઇ ટીએન્ડડી ઈન્ડિયા લિમિટેડ

વર્ષ ૨૦૧૫માં ગોઆ ખાતે યોજાયેલ ૧૬મી રેગ્યુલેટર્સ એન્ડ પોલિસી મેકર્સ રિટ્રીટમાં પણ આપણી કંપની આઈપીપીએઆઈ એવોર્ડ ૨૦૧૫ - બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીબ્યુશન કંપનીની કેટેગરીમાં વિજેતા બની હતી. ■

## સીપીએફ ટ્રસ્ટને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ

જીયુવીએનએલ અને તેની વીજ કંપનીઓના પીએફનું સંચાલન કરતા જીઇબી સીપીએફ ટ્રસ્ટને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ મળ્યો છે. તા. ૧૭-૧૧-૨૦૧૭ના રોજ નવી દિલ્હી ખાતે આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી ગિરીશ જોશી અને શ્રી એન.જે. રાઠોડે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ પીએફ કમિશનર શ્રી વી.પી. જોયના હસ્તે આ બંને ટ્રસ્ટીઓએ એવોર્ડ સ્વીકાર્યો હતો. સ્ટાર પરફોર્મન્સ માટે ૬૦૦ પોઇન્ટ નક્કી કરવામાં આવ્યા હતા. આ તમામ ૬૦૦ પોઇન્ટ જીઇબીને મળ્યાં હતાં.

જીયુવીએનએલના ચેરમેન સહિતના સત્તાધીશોએ પણ આ એવોર્ડ અધિકારીઓ સ્વીકારે તેના બદલે કર્મચારીઓના પ્રતિનિધિઓ સ્વીકારે એવો નિર્ણય કર્યો હતો.

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

## માનનીય ચેરમેનશ્રી વરુણ નાથ માયરા, આઈ.એ.એસ. (નિવૃત્ત) અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ઉત્સાહભર્યા કાર્યક્રમનું આયોજન


તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૬૯મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી વર્તુળ કચેરી ખાતે કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણ નાથ માયરા, આઈ. એ. એસ. (નિવૃત્ત)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

આ પ્રસંગે સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી વી.એમ. શ્રોફ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં અધિક્ષક ઈજનેરશ્રી વી.એમ. શ્રોફ દ્વારા શ્રી માયરાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સવારે ૯.૧૫ વાગ્યે ચેરમેન શ્રી માયરાના શુભ હસ્તે સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં દેશનો રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવેલ. કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો, નિવૃત્ત કર્મચારીઓ અને હાજર તમામ વ્યક્તિઓએ આવા ઉલ્લાસભેર વાતાવરણમાં ધ્વજવંદન કરી પોતાની દેશભક્તિને વેગ આપ્યો હતો.









આ પ્રસંગે ધ્વજવંદન સાથે રાષ્ટ્રગીત ગવાતાં દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું.

શ્રી માયરાએ કંપની દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તથા રમતગમતમાં પ્રશંસનીય યોગદાન આપવા બદલ તેજસ્વી કર્મચારીઓને પ્રશસ્તિપત્ર આપી તેમનું સન્માન કર્યું હતું.

સાબરમતી વર્તુળ કચેરીના



અધિકારીઓ તેમજ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું સુયોગ્ય આયોજન કરવામાં આવેલ.


કાર્યક્રમના અંતમાં હાજર શ્રી માયરા અને તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ આનંદ સાથે અલ્પાહાર ગ્રહણ કર્યો હતો.

# યુજીવીસીએલ દ્વારા પ્રજાસત્તાક દિનની આનંદભેર ઉજવણી

## કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૬૯મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ. દ્વારા મહેસાણા ખાતેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.











૬૯મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નિકલ અને વિજિલન્સ) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમેર્સ અને રિન્યૂએબલ એનર્જી) શ્રી જે. એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ, જેટકો ઝોનલ ઓફિસ મહેસાણાના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી બી. એન. ત્રિવેદી ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો, બાળકો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યકક્ષાની પ્રજાસત્તાક દિવસની ઉજવણી મહેસાણા ખાતે રાખવામાં આવેલ હતી જેના સમાપન બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શાહ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે યુજીવીસીએલના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ લહેરાવીને સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી શાહે જણાવ્યું હતું કે ગત વર્ષમાં આપણી કંપનીને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ મળેલ છે - ઈન્ડિયા પાવર એવોર્ડ એ દર્શાવે છે કે કંપનીના દરેક ઉચ્ચ અધિકારીથી માંડીને નીચેના તમામ કર્મચારી પોતાની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે કેટલા સજાગ છે. આ અંગે શ્રી શાહે તમામ અધિકારીઓ

તથા કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આપણા બંધારણ વિષે સમજ આપી હતી..

વધુ માં, શ્રી શાહે ગુજરાત વિદ્યુત બોર્ડના દિવસો યાદ અપાવી કહ્યું હતું કે ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી અલગ અલગ કંપનીઓ કરવાથી ગ્રાહકોને મળતી વીજ સુવિધાઓમાં મોટા પાયે સુધાર કરવાના સરકારશ્રીના ધ્યેયને સિદ્ધ કરે છે આપણી કંપની.

આ પ્રસંગે વિવિધ રમતગમત ક્ષેત્રે કંપનીનું નામ રોશન કરનાર કર્મચારીઓ તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓનાં તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ.

ઓનલાઈન બિલ પેમેન્ટ સુવિધાને વેગ આપવા મથતી વિવિધ પેટાવિભાગીય કચેરીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી કચેરીઓનું સન્માન પણ આ કાર્યક્રમમાં કરવામાં આવ્યું.

આ સાથે એક સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં રજૂ થયેલાં દેશભક્તિનાં ગીતોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

મેનેજમેન્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ ઈન્ડસ્ટ્રીયલ રિલેશન ઓફિસર શ્રી વી. એચ. અસારી તથા અન્ય કર્મચારી મિત્રો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ. અંતમાં અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કંપનીની દરેક કચેરી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ■

# વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી મેવાડા તથા અન્ય કર્મીઓ માટે યોજાયો વિદાય સમારંભ

તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે વિદાય સમારંભ યોજાયો હતો.

કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ તરીકે ફરજ બજાવતા શ્રી કે. બી. મેવાડા, અધિક્ષક (હિસાબ) તરીકે ફરજ બજાવતા શ્રી એચ. બી. દોશી અને ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા શ્રી જે. આર. વ્યાસ વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી પી. બી. પંડ્યા,



જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી મેવાડા, શ્રી દોશી અને શ્રી વ્યાસને આવનાર જીવન માટે સારા સ્વાસ્થ્ય અને અન્ય પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.



શ્રી કોઠારીએ ચેક અર્પણ કરી નિવૃત્તિ પામનાર કર્મીઓને શુભકામનાઓ પાઠવી હતી.

શાલ ઓઢાડીને નિવૃત્તિ પામનાર કર્મીઓને સન્માન આપ્યું હતું.

સમારંભમાં શ્રી મેવાડાએ, શ્રી દોશીએ તથા શ્રી વ્યાસે પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા. ■

# યુજીવીસીએલ દ્વારા ‘બંધારણ દિવસ’ની ઉલ્લાસભેર ઉજવણી



સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૦ ઓક્ટોબર ૨૦૧૭ના પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૭/૬૪૫૭૦૫/હ અનુસાર ‘‘બંધારણ દિવસ’’ની ઉલ્લાસભેર ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે તા. ૨૭ નવેમ્બર ૨૦૧૭ના રોજ કરવામાં આવી.

આ દિવસે બપોરે ૧૨ વાગે કંપનીના જી.ઈ.કે.સી. હોલ, મહેસાણા ખાતે કંપનીના વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા બંધારણ વિશેની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી, જેનાથી સભામાં હાજર ફિલ્ડ સ્ટાફના સભ્યોને બંધારણ વિશેની સમજ તેમજ દરેક નાગરિકની ફરજો તથા તેમના હક વિશે પણ સારી એવી જાણકારી મળી હતી.

બપોરે ૩ વાગે કંપનીના કોન્ફરન્સ હોલ ખાતે કર્મચારી ભાઈ-બહેનોનાં બાળકો માટે બંધારણ દિવસના વિષય ઉપર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બપોરે ૪ વાગે કંપનીના કોન્ફરન્સ હોલ ખાતે ભારતના બંધારણની પ્રસ્તાવના (પ્રીએમ્બલ)નું વાંચન કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી બી. એ. શાહ, આઈ.એ.એસ. દ્વારા કરવામાં આવ્યું હતું.



આ દરમિયાન કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ જેમ કે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

પ્રોત્સાહન અર્થે માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ.









કાર્યક્રમના અંતે હાજર તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. ■

# નૂતન વર્ષના પ્રારંભે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન

**કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓની આપ લે સાથે નવા વર્ષનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો.**












નૂતન વર્ષના પ્રારંભે કંપનીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ એક બીજાને શુભેચ્છા સંદેશ પાઠવે તે ઉદ્દેશથી દર વર્ષે રિક્રિએશન ક્લબ મહેસાણા ખાતે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

જે મુજબ, તારીખ ૨૩-૧૦-૨૦૧૭ના રોજ નૂતન વર્ષના પ્રારંભે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ જેવા કે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક્નીકલ) શ્રી એન.સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે.એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. આર. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે.એલ. ભટ્ટ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં, રિક્રિએશન ક્લબ મહેસાણા ખાતે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વેએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ દ્વારા ઉપસ્થિત કર્મચારીઓને નૂતન વર્ષની શુભેછાઓ પાઠવવામાં આવેલ. સ્નેહમિલન કાર્યક્રમના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ, કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છાઓની આપ લે સાથે નવા વર્ષનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો. ■

# મહેસાણા વર્તુળ કચેરી દ્વારા ૧૨મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

યુજીવીસીએલ, વર્તુળ કચેરી, મહેસાણાના યજમાનપદે ૧૨મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું ‘‘ગણપત વિદ્યાનગર કેમ્પસ’’, મુકામ ખેરવા ખાતે તા. ૧૯-૧૨-૨૦૧૭થી ૨૧-૧૨-૨૦૧૭ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ હસ્તકની ચાર વર્તુળ કચેરી અને રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ, વિશેષ મહાપ્રબંધક (મા.સં.), શ્રી એસ. સી. પ્રજાપતિ, વર્તુળ કચેરી, મહેસાણા અધિક્ષક ઇજનેર શ્રી જી. એચ. એન્જિનિયર, વર્તુળ કચેરી, મહેસાણા સહાયક સચિવ શ્રી એચ. એમ. પાંડોર તથા અન્ય અધિકારીઓએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરીને સફળ ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ આપી હતી.

ટુર્નામેન્ટના અંતે પાલનપુર વર્તુળ કચેરી ચેમ્પિયન અને મહેસાણા વર્તુળ કચેરી રનર્સ-અપ બની હતી. ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં માનનીય મેનેજિંગ શ્રી બી. એ. શાહ, વિશેષ મહાપ્રબંધક (મા.સં.), શ્રી એસ. સી. પ્રજાપતિ તથા વર્તુળ કચેરી, મહેસાણા અધિક્ષક ઇજનેર શ્રી જી. એચ. એન્જિનીયરના વરદ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ. વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. આમ મહેસાણા વર્તુળ કચેરી દ્વારા ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ.

**ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર રજી. કચેરી મહેસાણા ટીમની યાદી**

| ક્રમ | નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એચ.એન. ભાવસાર | સહાયક સચિવ | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૨ | શ્રી પી.જી. બ્રહ્મભટ્ટ | સહાયક સચિવ | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૩ | શ્રી વી.બી. ગુર્જર | જુનિયર ઇજનેર | કોમર્સ વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૪ | શ્રી કે.જી. રાવળ | જુનિયર ઇજનેર | કોમર્સ વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૫ | શ્રી પી.આઈ. વાવડીયા | નાયબ અધિક્ષક | સેક્રેટરીએટ સેક્શન, રજી. કચેરી, મહેસાણા |
| ૬ | શ્રી જે.એસ. પ્રજાપતિ | નાયબ અધિક્ષક | એચઆર વિભાગ, રજી. કચેરી, મહેસાણા |
| ૭ | શ્રી એસ.એન. પટેલ | નાયબ અધિક્ષક | એકાઉન્ટ વિભાગ રજી.કચેરી, મહેસાણા |
| ૮ | શ્રી એન.ડી. ગોસ્વામી | સિનિયર આસિસ્ટન્ટ | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૯ | શ્રી યુ.પી. બારોટ | સિનિયર આસિસ્ટન્ટ | એકાઉન્ટ વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૦ | શ્રી કે.એ. ગોહીલ | જુનિયર આસિસ્ટન્ટ | એચઆર વિભાગ, રજી. કચેરી, મહેસાણા |
| ૧૧ | શ્રી સી.કે. મહેતા | જુનિયર આસિસ્ટન્ટ | એકાઉન્ટ વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૨ | શ્રી ટી.એ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૩ | શ્રી બી.એન. પ્રજાપતિ | જુનિયર આસિસ્ટન્ટ | એસપી વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૪ | શ્રી એ.જે. ગામી | જુનિયર આસિસ્ટન્ટ | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૫ | શ્રી એસ.એસ. ગોસ્વામી | પટાવાળા | એસપી વિભાગ, રજી.કચેરી, મહેસાણા |
| ૧૬ | શ્રી સી.બી. પ્રજાપતિ | પટાવાળા | એચઆર વિભાગ, રજી.કચેરી, મહેસાણા |

## ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વર્તુળ કચેરી મહેસાણા ટીમની યાદી

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી પી.પી. પ્રજાપતિ | મીટર ટેસ્ટર | કડી, વિભાગીય કચેરી |
| ૨ | શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિજાપુર, વિભાગીય કચેરી (લેબ) |
| ૩ | શ્રી એન.બી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | ખેરાલુ, પેટાવિભાગીય કચેરી |
| ૪ | શ્રી સી.ડી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિજાપુર, વિભાગીય કચેરી |
| ૫ | શ્રી એલ.પી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | જોટાણા, પેટાવિભાગીય કચેરી |
| ૬ | શ્રી એસ.જે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર, શહેર પેટાવિભાગીય કચેરી |
| ૭ | શ્રી જે.એસ. પટેલ | જુનિયર ઈજનેર | ગોઝારીયા, પેટાવિભાગીય કચેરી |
| ૮ | શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, પેટા વિભાગીય કચેરી |
| ૯ | શ્રી ડી.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | જોટાણા, પેટાવિભાગીય કચેરી |
| ૧૦ | શ્રી એસ.એ. પટેલ | નાયબ ઈજનેર | લોદ્રા, પેટાવિભાગીય કચેરી |
| ૧૧ | શ્રી એમ.એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ચાણસ્મા, પેટાવિભાગીય કચેરી |
| ૧૨ | શ્રી એમ.એ. રાણા | ઈલે. આસીસ્ટન્ટ | કડી શહેર, પેટાવિભાગીય કચેરી |
| ૧૩ | શ્રી કે.જી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, પેટાવિભાગીય કચેરી |
| ૧૪ | શ્રી એચ.સી. પઢીયાર | આસિસ્ટન્ટ લાઈનમેન | મહેસાણા, ઇન્ડ. પેટાવિભાગીય કચેરી |
| ૧૫ | શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | લોદ્રા, પેટાવિભાગીય કચેરી |
| ૧૬ | શ્રી એ.એન. ચાવડા | જુનિયર આસિસ્ટન્ટ | ધિણોજ, પેટાવિભાગીય કચેરી |

## ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વર્તુળ કચેરી સાબરમતી ટીમની યાદી

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન.આર. દવે | નાયબ અધિક્ષક | સાબરમતી, વર્તુળ કચેરી |
| ૨ | શ્રી બી.એન. જોષી | સિનિયર આસિસ્ટન્ટ | છત્રાલ, પેટાવિભાગીય કચેરી |
| ૩ | શ્રી એન.કે. ત્રિવેદી | સિનિયર આસિસ્ટન્ટ | મોટેરા, પેટાવિભાગીય કચેરી |
| ૪ | શ્રી કે.જે. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર, પેટાવિભાગીય કચેરી |
| ૫ | શ્રી એન.બી. મહેતા | જુનિયર ઈજનેર | સાણંદ-૨, પેટાવિભાગીય કચેરી |
| ૬ | શ્રી એ.એચ. ચાંપાનેરી | જુનિયર ઈજનેર | ગાંધીનગર, વિભાગીય કચેરી |
| ૭ | શ્રી જે.એમ. દવે | જુનિયર આસિસ્ટન્ટ | બોપલ, પેટાવિભાગીય કચેરી |
| ૮ | શ્રી એચ.એન. પટેલ | મીટર ટેસ્ટર | કલોલ, વિભાગીય કચેરી (લેબ) |
| ૯ | શ્રી એસ.એલ. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | અડાલજ, પેટાવિભાગીય કચેરી |
| ૧૦ | શ્રી એચ.એમ. ઓઝા | જુનિયર ઈજનેર | સાંતેજ, પેટાવિભાગીય કચેરી |
| ૧૧ | શ્રી વી.એચ. સગર | જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| ૧૨ | શ્રી એન.આર. પારેખ | જુનિયર ઈજનેર | કલોલ-૧, પેટાવિભાગીય કચેરી |
| ૧૩ | શ્રી એસ.જે. ઠાકોર | પટાવાળા | સાબરમતી, વર્તુળ કચેરી |
| ૧૪ | શ્રી જે.પી. જાદવ | જુનિયર આસિસ્ટન્ટ | કઠવાડા, પેટાવિભાગીય કચેરી |
| ૧૫ | શ્રી જી.એલ. મગમરા | જુનિયર આસિસ્ટન્ટ | કોઠ, પેટાવિભાગીય કચેરી |
| ૧૬ | શ્રી ડી.જે. મકવાણા | ઈલે. આસીસ્ટન્ટ | ચિલોડા-૧, પેટાવિભાગીય કચેરી |

### ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વર્તુળ કચેરી હિંમતનગર ટીમની યાદી

| ક્રમ | નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એ.એ. ખણુશીયા | નાયબ ઈજનેર | તલોદ-૧, પેટાવિભાગીય કચેરી |
| ૨ | શ્રી કે.એમ. પ્રજાપતિ | જુનિયર ઈજનેર | તલોદ, વિભાગીય કચેરી |
| ૩ | શ્રી ડી.બી. પટેલ | જુનિયર ઈજનેર | બાયડ, પેટાવિભાગીય કચેરી |
| ૪ | શ્રી એ.એચ. શર્મા | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર, વિભાગીય કચેરી |
| ૫ | શ્રી બી.ડી. પટેલ | નાયબ ઈજનેર | ધનસુરા, પેટાવિભાગીય કચેરી |
| ૬ | શ્રી એચ.પી. સુથાર | ઈલે.આસિસ્ટન્ટ | મોડાસા, શહેર પેટાવિભાગીય કચેરી |
| ૭ | શ્રી વી.ડી. રાઠોડ | જુનિયર આસિસ્ટન્ટ | પ્રાંતિજ, પેટાવિભાગીય કચેરી |
| ૮ | શ્રી વી.જે. પગી | જુનિયર આસિસ્ટન્ટ | મોડાસા, વિભાગીય કચેરી |
| ૯ | શ્રી વી.ડી. ચૌધરી | ઈલે. આસિસ્ટન્ટ | હિંમતનગર, શહેર પેટાવિભાગીય કચેરી |
| ૧૦ | શ્રી એમ.આઈ. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | ચોઈલા, પેટાવિભાગીય કચેરી |
| ૧૧ | શ્રી વી.એચ. કડીયા | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર, શહેર પેટાવિભાગીય કચેરી |
| ૧૨ | શ્રી એન.જે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | તલોદ, વિભાગીય કચેરી |
| ૧૩ | શ્રી એચ.એમ. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર, વર્તુળ કચેરી |
| ૧૪ | શ્રી એ.બી. જોષી | સિનિયર આસિસ્ટન્ટ | તલોદ, વિભાગીય કચેરી |
| ૧૫ | શ્રી જે.સી. ઉડાવીયા | જુનિયર ઈજનેર | ખેડબ્રહ્મા, પેટાવિભાગીય કચેરી |
| ૧૬ | શ્રી એ.એચ. અંસારી | જુનિયર ઈજનેર | ભિલોડા-૨, પેટાવિભાગીય કચેરી |

### ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વર્તુળ કચેરી પાલનપુર ટીમની યાદી

| ક્રમ | નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી એન.એ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | ડીસા-૧, વિભાગીય કચેરી |
| ૨ | શ્રી બી.જી. કોએટીયા | જુનિયર આસિસ્ટન્ટ | ડીસા-૨, વિભાગીય કચેરી |
| ૩ | શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | ધાનેરા-૨, પેટાવિભાગીય કચેરી |
| ૪ | શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર, હાઇવે પેટાવિભાગીય કચેરી |
| ૫ | શ્રી એ.એ. ચૌહાણ | સિનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર, વિભાગીય કચેરી |
| ૬ | શ્રી એચ.કે. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, હાઇવે પેટાવિભાગીય કચેરી |
| ૭ | શ્રી વી.બી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પેટાવિભાગીય કચેરી |
| ૮ | શ્રી વી.ડી. ચૌહાણ | ઇલે. આસીસ્ટન્ટ | શિહોરી, પેટાવિભાગીય કચેરી |
| ૯ | શ્રી વી.એચ. પ્રજાપતિ | મીટર ટેસ્ટર | પાલનપુર-૧, વિભાગીય કચેરી |
| ૧૦ | શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સૂઈ ગામ, પેટાવિભાગીય કચેરી |
| ૧૧ | શ્રી બી.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | થરા, પેટાવિભાગીય કચેરી |
| ૧૨ | શ્રી એસ.આઈ. શેખ | ઈલે. આસીસ્ટન્ટ | પાલનપુર, શહેર પેટાવિભાગીય કચેરી |
| ૧૩ | શ્રી બી.બી. ગેલોત | સિનિયર આસિસ્ટન્ટ | દાંતીવાડા, પેટાવિભાગીય કચેરી |
| ૧૪ | શ્રી એસ.એલ. ઝોપે | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર, વર્તુળ કચેરી |
| ૧૫ | શ્રી આર.ડી. ચૌહાણ | લાઈનમેન | દાંતા, પેટાવિભાગીય કચેરી |
| ૧૬ | શ્રી ડી.ડી. રાઠોડ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-૧, વિભાગીય કચેરી |

# ૭મી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન

તારીખ ૨૬-૧૧-૨૦૧૭ના રોજ એચ.પી. વિદ્યાલય, શામળાજી ખાતે વર્તુળ કચેરી, હિંમતનગરના યજમાન પદે ૭મી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલના તાબા હેઠળ આવતી તમામ કંપનીઓએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનું પ્રતિનિધિત્વ કરવા માટે બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે પસંદગી પામેલ અને અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના અંતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ટીમ વિજેતા થયેલ. તેમજ મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમ રનર્સ-અપ થયેલ.

તદુપરાંત, જીયુવીએનએલ સ્તરે, ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસિટી કંટ્રોલ બોર્ડ કબડ્ડી ટુર્નામેન્ટ માટે બાજુના કોઠામાં દર્શાવેલ ખેલાડીઓ પસંદગી પામેલ.

આમ હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા ૭મી ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

**સાતમી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | અડાલજ, પે.વિ.કચેરી |
| શ્રી જે.જી. શાહ | જુનિયર ઇલે. | અડાલજ, પે.વિ.કચેરી |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | કાણોદર, પે.વિ.કચેરી |
| શ્રી આર.એમ. ચૌધરી | આસી. લાઇનમેન | ડીસા (ટી), પે.વિ.કચેરી |
| શ્રી એસ.જી. દેસાઈ | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પે.વિ.કચેરી |
| શ્રી વી.બી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | છાપી, પે.વિ.કચેરી |
| શ્રી એસ.બી. પટેલ | ઇલે. આસિસ્ટન્ટ | સલાલ, પે.વિ.કચેરી |
| શ્રી કે.એસ. ગામેતી | ઇલે. આસિસ્ટન્ટ | ગાંભોઈ, પે.વિ.કચેરી |
| શ્રી પી.એસ. અસારી | ઇલે. આસિસ્ટન્ટ | ગાંભોઈ, પે.વિ.કચેરી |
| શ્રી એમ.કે. સુતરીયા | ઇલે. આસિસ્ટન્ટ | એમએમટી, પે.વિ.કચેરી |
| શ્રી આઈ.જે. ગામેતી | ઇલે. આસિસ્ટન્ટ | વડાલી, પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સતણાસણા, પે.વિ.કચેરી |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિસનગર-૨, પે.વિ.કચેરી |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઇલે. | પાલનપુર હાઇવે, પે.વિ.કચેરી |
| શ્રી એ.એસ. પ્રજાપતી | ઇલે. આસિસ્ટન્ટ | વિરમગામ (ટી), પે.વિ.કચેરી |
| શ્રી વી.ડી. ચૌધરી | જુની. આસિસ્ટન્ટ | ગોજારીયા, સબડિવિઝન |

**સાતમી ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ જીયુવીએનએલની ટીમ**

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર. લોહ | જુની. આસી. | કાણોદર, સબડિવિઝન, UGVCL |
| શ્રી એસ.જી. દેસાઈ | જુની. આસી. | છાપી, સબડિવિઝન, UGVCL |
| શ્રી એસ.બી. પટેલ | ઇલે. આસી. | સલાલ, સબડિવિઝન, UGVCL |
| શ્રી વી.આર. બારીયા | જુની. આસી. | અડાલજ, સબડિવિઝન, UGVCL |
| શ્રી વાય.એસ. પટેલ | જુની. આસી. | સતણાસણા, સબડિવિઝન, UGVCL |
| શ્રી એસ.જે. દીવાન | સીની. આસી. | મોગરી, સબડિવિઝન, MGVCL |
| શ્રી પી.એન. ચૌધરી | જુની. આસી. | મંજુસર, સબડિવિઝન, MGVCL |
| શ્રી આઈ.આઈ. સૈયદ | ઇલે. આસી (vs) | મોગરી, સબડિવિઝન, MGVCL |
| શ્રી બી.એચ. ચૌધરી | જુની. આસી. | મોગરી, સબડિવિઝન, MGVCL |
| શ્રી આઈ.જે. વસાવા | પીઓ-૧ | ઉકાઈ, ટી.પી.એસ., GSECL |
| શ્રી જે.એન. ડામોર | ઇલે. આસી | ૬૬ કે.વી. રાપર S/S, GETCO |
| શ્રી એ.એન. પટેલ | જુની. આસી. (vs) | રાંદેર ટી-૨, સબડિવિઝન, DGVCL |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | |
| શ્રી એ.જે. ચૌધરી | જુની. આસી. | કાપોદર, સબડિવિઝન, DGVCL |
| શ્રી કે.એચ. બાભંણીયા | ડે. ઇજનેર | કેશોદ, સબડિવિઝન, PGVCL |
| શ્રી વી.બી. યાદવ | એસ.આઈ. | ઉત્તરાણ ટી.પી.એસ., GETCO |

## ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની

# ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનાં

## નીતાબેન સાટોડીયા અને હેતલબેન મિસ્ત્રી પસંદગી પામ્યાં

બારમી ઇન્ટરકંપની મહિલા ટેનીકોઇટ ટુર્નામેન્ટ તેમજ ઓલ ઇન્ડિય ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટે ગેસ બેઝ પાવર સ્ટેશનના યજમાન પદે, ધુવારણ ખાતે તા. ૧૧-૧૨-૨૦૧૭થી ૧૨-૧૨-૨૦૧૭ દરમ્યાન ટેનીકોઇટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.


આ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલની સાતેય કંપનીનાં મહિલા કર્મચારીઓએ અત્યંત ઉત્સાહથી ભાગ લીધો હતો. રસાકસીભરી રમતોના અંતે યુજીવીસીએલ કંપનીનાં નીતા સાટોડીયા અને હેતલ મિસ્રી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં પસંદગી પામ્યાં હતાં.

નીતાબેન સાટોડીયા, શીલજ સબડિવિઝનમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે અને હેતલબેન મિસ્રી નારોલ આરએસઓ ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે.










એ નોંધપાત્ર છે કે બંને ખેલાડીઓ લાંબા સમયથી આ રમતમાં ઉજ્જવળ પ્રદર્શન કરી રહ્યાં છે.

નીતા સાટોડીયા છેલ્લાં દસ વર્ષથી યુજીવીસીએલ કંપનીનાં ચેમ્પિયન બનેલ છે અને છેલ્લાં પાંચ વર્ષથી જીયુવીએનએલ ટીમમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટે પસંદગી પામેલ છે. હેતલ મિસ્રી છેલ્લાં બે વર્ષથી જીયુવીએનએલ ટીમમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટે પસંદગી પામેલ છે. ■




UGVCL

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.com
cccell@ugvcl.com